**મહેરબાન ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સુરતમાં, મુ.સુરત.**

**ફોજદારી કેસ નં.૬૯૨૩૪/૨૦૨૨**
**આંકઃ ૪**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપીઃ રોહિતભાઈ દિનેશભાઈ જાવરે

**ગુનોઃ** આઈ.પી.સી. કલમ–૨૮૩ મુજબ.

**–// ચુકાદો //–**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરેઆમ માર્ગમાં કોઈ વ્યકિત ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાની લારી ભયજનક સ્થિતિમાં મુકવા બાબતે ફરીયાદ નોંધાતા અડાજણ પો.સ્ટે.માં ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબૂલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજૂ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબૂલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબૂલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભૂલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબૂલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃઃ હુકમ ઃઃ–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.૨૦૦/– પૂરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે,

હુકમ આજરોજ ૧૨ મી માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તા.૧૨/૧૧/૨૦૨૨

(હરીશ હસમુખભાઈ વર્મા )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,સુરત
(GJ 00821)